# ફોર્મ ૪૦૩ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :

## (સરળ સ્ટેપ્સમાં)

## ગુજરાતમાં નોંધાએલ વેપારી માટે :

1. સૌપ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
2. વેબસાઇટનાં હોમપેજ પર ડાબી બાજુએ આવેલ યુઝર આઇડીનાં કોલમમાં તમારો ટીન નંબર તથા પાસવર્ડનાં કોલમમાં તમારો પાસવર્ડ આપવો તથા “ડીલર” નું ઓપ્શન સિલેકટ કરી લોગ-ઇન થવું.
3. આ પેજ પર ડાબી બાજુએ આવેલ લિન્કસમાં થી ઇ-ચેકપોસ્ટ ની લિન્ક પર ક્લિક કરતાં, **“૪૦૩ સીરીઝ જનરેશન”** ની લિંક મળશે જેની પર ક્લિક કરતાં No. Of Forms required* ની સામેના બોક્સમાં કેટલાં ફોર્મ્સ જોઇએ તેની સંખ્યા જણાવવાનો મેસેજ દર્શાવેલ હશે, જયાં, માત્ર નંબર્સ દર્શાવવા (દા.ત. 63). આ થકી એકસાથે વધુમાં વધુ ૨૦૦૦ ફોર્મ્સની સિરીઝ મેળવી શકાશે. આ નંબર દર્શાવીને આપની ફોર્મ રીકવેસ્ટ સબમીટ કરવી.
4. આ સિરીઝ જનરેટ થતાં જ સ્ક્રીન પર આપને બારકોડેડ એકનોલેજમેન્ટ રીસિપ્ટ અને ફોર્મ નંબરની લિંક મળશે. ફોર્મ સીરીઝ પર ક્લિક કરતાં એકસેલ ફોર્મેટમાં માગેલ સંખ્યા મુજબની આ નંબરો ની સિરીઝ આપના કોમ્પ્યુટરની હાર્ડ ડ્રાઇવમાં સેવ કરી લેવાશે.(આ માટે આપના ઇન્ટરનેટ એકસપ્લોરરમાં આપેલ ‘ટુલ’ ઓપ્શનમાં જઇને ‘પોપ અપ બ્લોકર ઓફ કરવાનું રહેશે’) આપે ફોર્મ ૪૦૩ જનરેટ કરવા માટેની સિરીઝ મેળવી લીધી છે,
5. **હવે ફોર્મ નંબર ૪૦૩ મેળવવા માટે બે વિકલ્પો છે.**

   (૧) ગુજરાતનો નોંધાએલ વેપારી પોતે જનરેટ કરેલ ફોર્મની સિરીઝ વડે ફોર્મ ૪૦૩ મેળવી શકશે.

   (૨) ગુજરાતનાં વેપારીએ, પોતાની જરુરિયાત મુજબ આ સિરીઝના નંબરો પરપ્રાંતના વેપારી/એજન્ટ/ટ્રાંસપોર્ટર્સ/બ્રોકર વિગેરેને માલ મોકલવા માટે ટેલીફોનિક/ઇ-મેલ કે અન્ય રીતે મોકલવાના રહેશે. **હવે વેબસાઇટ પર લોગઇન કે પાસવર્ડની જરૂરિયાત રહેશે નહીં.**

## ગુજરાતનાં નોંધાએલ વેપારીએ અથવા પરપ્રાંતના વેપારી-ટ્રાંસપોર્ટ ઓપરેટર-કમિશન એજન્ટ કે અન્ય વ્યકિત ફોર્મ ૪૦૩ મેળવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

- સૌપ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
- હોમપેજ પર લેફ્ટ સાઇડ પર જનરલ મેનું માં **“ચેકપોસ્ટ સબમીશન 403”** ની લિંક પર ક્લિક કરવાથી ટીન નંબર એન્ટર કરવા માટેની સુચના આવશે. અહીં, ગુજરાતના નોંધાએલ વેપારીએ પોતાનો ટીન નંબર લખવો તથા અન્ય માટે ગુજરાતના જે વેપારી

માટે ફોર્મ ૪૦૩ લેવાના છે તેનો નંબર લખવો. ટીન નંબર લખી સબમીટ કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ માટેનું ડાયલોગ બોકસ ઓપન થશે.

- આ પેજમાં પ્રથમ ફ્રેમમાં ફોર્મ નંબર ૪૦૩ નોનસ્પેસીફાઇડ ગુડઝ માટે તથા ફોર્મ નંબર ૪૦૩ સ્પેસીફાઇડ ગુડઝ માટે એમ (સેમ્પલ તથા ફોર્મ ડાઉનલોડ કરવાની) બે લિંકસ આપેલ છે.

| | |
|---|---|
| *Sample filled up forms for reference* | Nonspecified Goods, Specified Goods |
| | |
| Download Templates For Goods Entering in to the State | Nonspecified Goods |
| | |
| Download Templates For Goods Entering in to the State | Specified Goods |

- આપને જરૂરી એવું ફોર્મ ની લિંક પર ક્લિક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રીન પર આવશે. જેને “સેવ” ના બટન પર ક્લિક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ ક્યાં સેવ કરવું છે તે પુછતો “ડાયલોગ બોક્સ” આવશે જેની પર યોગ્ય જગાએ ફાઇલ સેવ કરવી.

- **ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ માં સૌપ્રથમ કોલમમાં સિરીઝ નંબર માગશે**, આપે અગાઉ જે ફોર્મ નંબર ૪૦૩ ની સિરીઝ ડાઉનલોડ કરેલ તે એકસેલ ફાઇલમાંથી સિલેક્ટ કરીને તે કોલમમાં પેસ્ટ કરવાનો રહેશે. હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ (ત્રણ એક્સેલ શીટ) ને ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ સામાન્ય માહિતી માટે, બીજી કોમોડીટી ડીટેઇલ માટે તથા ત્રીજી શીટ ટ્રાંસપોર્ટરની ડીટેઇલ માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી (ટુલ ટીપનો ઉપયોગ કરવા વિનંતી છે) તથા લાલ ફુદડી

  (*) દર્શાવેલ કોલમ ભરવા ફરજીયાત છે.

- આ ટેમ્પલેટ ભરી ફરી પાછા આપના લોગઇન માં ટેમ્પલેટ ડાઉનલોડ માટેના ઓપન થએલ પેજ પર આવી જવું. ત્યાંથી અપલોડની કાર્યવાહી શરુ કરવી. આ માટે પહેલાં “ગુડઝ ટાઇપ” (નોન સ્પેસીફાઇડ ગુડઝ અથવા સ્પેસીફાઇડ ગુડઝ) સિલેક્ટ કરવું. નીચે આપનો મેલ આઇડી આપવો. (જે ફરજીયાત છે જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે) તથા છેલ્લાં કોલમમાં “બ્રાઉઝ” બટનથી, ભરેલ ટેમ્પલેટ એટેચ કરવું અને અપલોડ બટન પ્રેસ કરતાં અપલોડીંગની કામગીરી શરુ થશે.

| | |
|---|---|
| Goods Type* : | Select |
| Mail Id* : | |
| Upload File* : | Browse Button |
| Upload Cancel | |

- ♠ અપલોડ ની પ્રોસેસ દરમ્યાન આવતી સુચનાઓ ધ્યાનપુર્વક જોવી તથા તે મુજબ કરવું. અપલોડ થએલ ટેમ્પલેટ માં જો એરર (ભૂલ) હશે તો, કઇ શીટનાં કયા કોલમમાં એરર છે તે દર્શાવવામાં આવશે જેથી "બેક" જઇને થએલ ભૂલ સુધારીને ટેમ્પલેટ ફરી અપલોડ કરવું.

- ♠ અપલોડ થએલ ફાઇલમાં એરર ન આવે ત્યારે ડાટા વેલીડેટ થઇને **"No Error Found"** એવો મેસેજ મળતાં,નીચે **"સબમીટ"** નું બટન હશે જેને કમાન્ડ આપતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા ફોર્મની પીડીએફ લિંક આપના હોમ પેજ પર મળશે.
- ♠ બારકોડેડ રીસીપ્ટ ની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે તથા તેની નીચે આવેલ પીડીએફ લિન્ક પર ક્લિક કરતાં ફોર્મ ૪૦૩ (બારકોડેડ) ઓપન થશે જેની ૩ નકલ ની પ્રિન્ટઆઉટ મેળવી લેવાની રહેશે તથા જરુરી નકલ પોતાની પાસે રાખી બાકીની નકલ વાહન ચાલક સાથે રવાના કરવામાં આવી શકશે. આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

## નોંધ : આ માટે............

***આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરૂરીયાતો હોવી ફરજીયાત છે.***

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી વિસ્તા)///એમ.એસ.ઓફીસ (એક્સપી અને તેની ઉપરના વર્ઝનસ) ///અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એક્સપ્લોરર (૫.૦ થી ઉપરનું વર્ઝન) ///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ, બ્રોડબેન્ડ વિગેરે)///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર.

***અન્ય ધ્યાને રાખવાની બાબતો :***

૧. ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી જ વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.
૨. જનરેટ થએલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શક્ય નથી જો તેની કોપી કરીને ઉપયોગમાં લેવામાં આવશે તો ચેકપોસ્ટ પર પકાડાઇ જશે.

૩. એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો સમાવેશ થઇ શકશે.

૪. એક ટ્રકમાં માલ મોક્લનાર અલગ અલગ વેપારી માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવાનું રહેશે.
૫. એક ટ્રકમાં માલ મોકલનાર વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે પણ અલગ ફોર્મ જનરેટ કરવું પડશે.
૬. જનરેટ થએલ ફોર્મ વિષે આપને આપના ઇ મેલ એડ્રેસ પર ઇ-મેલ મોકલવામાં આવશે.

૭. જો કોઇ કારણસર જનરેટ થએલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, આપના લોગઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ "ડુપ્લીકેટ રીરીપ્ટ" ની લિંક છે, જયાં ક્લિક કરવાથી CHECK POST SUBMISSION ની લિંક મળશે જેની પર કિલક કરવાથી આપના દ્વારા અગાઉ મેળવાએલ તમામ ફોર્મસ

ની લિંક મળશે જેની પર ક્લિક કરવાથી જનરેટ થએલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૩ ની પિડીએફ લિંક મળી શકશે જેની પર ફરીથી ક્લિક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.

આજ રીતે ફોર્મ ૪૦૩ ની જનરેટ કરેલ સીરીઝ ની વિગતો મેળવી શકાયેલ ન હોય તો, જનરલ ટેબમાં જઇને ડુપ્લીકેટ રીસીપ્ટ તથા ફોર્મ ૪૦૩ સિરીઝ જનરેશન ની લિંક પર ક્લિક કરતાં તેની વિગતો ફરીથી મેળવી શકાશે.

## Duplicate Acknowledgement Receipt

| |
|---|
| **MARG** (Monitoring And Recording of Goods movement) |
| **Checkpost Submission** |
| **403 Series Generation** |
| **Duplicate Receipt from C-Form Additional** |